અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ વિષયક લાભો માટે ગણતરીમાં લેવા બાબત.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: **ED/MSM/e-file/3/2022/0963/KH**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૫/૦૮/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ

(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧.

(૩) યુ.જી.સી રેગ્યુલેશન ૨૦૧૦

(૪) શિક્ષણ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૧/૧૦૫૦/ખ.

(૫) યુ.જી.સી રેગ્યુલેશન ૨૦૧૮

(૬) નાણા વિભાગનો તા.૧૮/૦૧/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭//પાર્ટ-૨/ઝ.૧.

(૭) નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરીનો તા.૦૫/૦૮/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: કવટ/૨૦૨૦/IHC-2/નીતિ/૫૬૭૯

**આમુખ:-**

વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૫ના વંચાણે લીધા કમાંક (૧) સામેના ઠરાવથી રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની પાંચ વર્ષ સુધી ઉચ્ચક માનદ વેતનથી ભરતી કરવા તથા પાંચ વર્ષ સુધી સંતોષકારક કામગીરી બાદ છઠ્ઠા વર્ષથી મળવાપાત્ર પગારધોરણના લાભો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના વંચાણે લીધા કમાંક (૨) સામેના ઠરાવથી રાજ્ય સરકારની વર્ગ-૩ અને વર્ગ-૪ની તમામ સંવર્ગોની જગ્યાઓ ઉપરની સીધી ભરતીની નિમણૂંકો પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારના અજમાયશી તરીકે કરવાનું ઠરાવવામાં આવેલ છે. ત્યારબાદ નાણા વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ના વંચાણે લીધા કમાંક (૬) ના ઠરાવથી નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ની નીતિ હેઠળ નિમણૂંક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓની આ પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે નિવૃતિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનો રહેશે તેવો ઠરાવ કરેલ છે. અધ્યાપક સહાયક મંડળ દ્વારા નાણા વિભાગના ઉક્ત તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ મુજબ વિભાગ હેઠળની ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફિક્સ વેતનની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા સરકારશ્રીને રજૂઆત કરેલ હતી.

ઉક્ત રજૂઆત અન્વયે નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરીએ વંચાણે લીધા કમાંક (૭) સામેના પત્રથી વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૫ના ઠરાવથી ફિક્સ પગારથી નિમણૂંક પામેલ અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફિક્સ વેતનની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૫ના ઠરાવથી નિમણૂક પામેલ અધ્યાપક સહાયકને તેઓની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ વિષયક લાભો આપવા માટે સેવા તરીકે નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

1. આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ અને નિવૃત્તિ સમયે મળવાપાત્ર નિવૃત્તિ વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવામાં આવશે. આ સિવાય અન્ય કોઈપણ પ્રકારના સેવાકીય/નાણાકીય લાભ મળવાપાત્ર થશે નહીં.
2. આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગારબાંધણી થતાં નક્કી થતાં પગારનો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઈપણ તફાવત [એરીયર્સ] રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહીં. અર્થાત તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે તેમજ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઈ એરીયર્સ મળવાપાત્ર થશે નહીં.
3. આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઈજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ,ધ્યાને લેવાના રહેશે નહીં.
4. જે કર્મચારીઓને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે કર્મચારીઓ નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત ફિક્સ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલ પેન્શન યોજનામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.
5. આ લાભો તા.૦૧/૦૪/૨૦૧૯ની અસરથી મળવાપાત્ર થશે.

6. કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ(CAS) બાબતોની સંપૂર્ણ સૂચનાઓ અલગથી નાણા વિભાગના પરામર્શમાં નક્કી કરવામાં આવશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૮/૦૮/૨૦૨૩ તેમજ નાણા વિભાગની તા.૧૧/૧૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

**(બી.એસ. પરમાર)**

**ઉપસચિવ**

**શિક્ષણ વિભાગ**

**નકલ રવના:**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનમંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, રસચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.